

ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા નિર્મળ ભારત અભિયાન અંતર્ગત જિલ્લામાં સ્વચ્છતા અને આરોગ્ય ઝુંબેશ તા. ૨૦ થી ૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૪ દરમ્યાન યોજનાર છે. આ ઝુંબેશનો આરંભ આજરોજ ઘ-૫ સર્કલથી ગાંધીનગરના ધારાસભ્ય (ઉ) શ્રી અશોકભાઇ પટેલ અને ધારાસભ્ય(દ)ના શ્રી શંભુજી ઠાકોર દ્વારા પદયાત્રાથી કરવામાં આવ્યો હતો. આ પદયાત્રા ઘ-૫ થી ઘ-૩ સર્કલ સુધી ગઇ હતી. સ્વચ્છતા અને આરોગ્યની ઝુંબેશના આરંભ -સંગે યોજાયેલ પદયાત્રા માટે સવારના ૯.૦૦ કલાકે નગરજનો અને વિદ્યાર્થીઓ ઘ-૫ સર્કલ પાસે એકઠા થયા હતા. એકઠા થયેલા સર્વેને ગાંધીનગરના ધારાસભ્ય (ઉ) શ્રી અશોકભાઇ પટેલ અને ધારાસભ્ય(દ)ના શ્રી શંભુજી ઠાકોરે લીલી ઝંડી આપતા પદયાત્રાએ ત્યાંથી -સ્થાન કર્યુ હતું. આ પદયાત્રામાં બન્ને ધારાસભ્યશ્રીઓ સાથે સાથે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી જયશ્રી દેવાંગણ, મેલેરિયા અધિકારી શ્રી મમતાબેન સહિત અનેક અધિકારીશ્રીઓ પણ જોડાયા હતા. સ્વચ્છતા અને આરોગ્ય અંગેના ગગનચુંબી નારા અને બેનર સાથે નીકળેલી પદયાત્રા ઘ-૩ સર્કલે પહોંચી હતી. સ્વચ્છતા અને આરોગ્ય ઝુંબેશમાં જોડાયેલા સર્વેને નેત્સાહિત કરવા માટે જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકટર મેકવાન ખાસ ઉપસથિત રહયાં હતા.


# કોંગ્રેસી ધારાસભ્ય રાજેન્દ્ર ચાવડા ભાજપમાં જોડાયા

## કોંગ્રેસના સભ્યપદ અને ધારાસભ્ય પદેથી રાજીનામુ આપ્યું મોદીના હાથ મજબુત કરવા ભાજપમાં જોડાયાનો ખુલાસો

હિંમતનગર, તા.૨૦

લોકસભાની ચૂંટણી ક્ષિતીજે ડોકાઈ રહી છે ત્યારે મુખ્ય બે રાજકીય પક્ષો ભાજપ અને કોંગ્રેસ ચૂંટણીલક્ષી તૈયારીઓમાં વ્યસ્ત બન્યા છે પરંતુ ગુજરાતમાં કોંગ્રેસની હાલત દિનપ્રતિદિન વધુ કફોડી બનતી જાય છે. કોંગ્રેસની ડુબતી નૈયામાંથી કેટલાય ધારાસભ્યો તથા આગેવાનો કોંગ્રેસને રામ-રામ કરી ભાજપમાં જોડાઈ રહ્યા છે. છેલ્લા થોડાક સમયમાં કોંગ્રેસના ત્રણ ધારાસભ્યો ભાજપમાં જોડાયા બાદ આજે વધુ એક હિમ્મતનગરના ધારાસભ્ય રાજેન્દ્ર ચાવડા ભાજપમાં જોડાતા કોંગ્રેસની છાવણીમાં ભારે સન્નાટો પ્રસરી ગયો છે. રાજેન્દ્ર ચાવડાએ આજે વિધાનસભાના અધ્યક્ષ વજુભાઈ વાળાને તેમનું રાજીનામુ સુપ્રત કર્યું હતું અને બપોર બાદ તેઓ તેમના સમર્થકો સાથે વિધીવત રીતે ભાજપમાં જોડાઈ ગયા હતા.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી બાદ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખી રાજકીય સોગઠા ગોઠવવાનું છેલ્લા ઘણા સમયથી શરૂ કરી દીધું છે. ભાજપ દ્વારા ગુજરાતમાં કોંગ્રેસની દુકાન બંધ



કરાવવા થઈ રહેલી વિતરણમાં કોંગ્રેસ આબાદ રીતે સપડાઈ છે. કોંગ્રેસના દિગજ્જો વિઠ્ઠલ રાદડીયા, તેમના પુત્ર જયેશ રાદડીયા, બાવકુ ઉંધાડ, જશા બારડ અને આજે રાજેન્દ્ર ચાવડા જેવા ચૂંટાયેલા પ્રતિનિધી ઉપરાંત સંગઠનના સેંકડો કાર્યકરો તથા આગેવાનો ધડાધડ ભાજપમાં જોડાઈ રહ્યા હોવાથી કોંગ્રેસનું હાઈકમાન પણ ચોંકી ઉઠ્યું છે.

જેની નસોમાં કોંગ્રેસનું લોહી વહેતુ હોય તેને કોંગ્રેસ આગળ ધરશે. તેવા રાહુલ ગાંધીના નિવેદન બાદ જાણે-અજાણે કોંગ્રેસમાંથી બિનકોંગ્રેસી લોકોની નિકાસ વધી રહી છે.

કેટલાક કોંગ્રેસની ડુબતી નૈયાને છોડી રહ્યા છે, તો કેટલાક મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીમાં વડાપ્રધાન બનાવની સંપૂર્ણ ક્ષમતાઓથી અંજાઈને કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાઈ રહ્યા છે. અને ભાજપે પણ કોંગ્રેસની નબળી સ્થિતિનો ભરપૂર ફાયદો ઉઠાવ્યો છે અને રોજેરોજ કોંગ્રેસના થોકબંધ આગેવાનો, કાર્યકરો વગેરે ભાજપમાં જોડાઈ રહ્યા છે જે લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ માટે મરણતોલ સાબીત થશે તેઓ ખુદ કોંગ્રેસના કેટલાક નેતાઓ ખાનગીમાં જણાવી રહ્યા છે.

# ૨૩ સનદી અધિકારીઓની બદલી

## પી.ડી. વાઘેલાને કોમર્શીયલ ટેક્સ કમિશનર તરીકે નિમણુંક

ગાંધીનગર, તા. ૨૦

રાજ્ય સરકારે સાત સનદી અધિકારીઓને બઢતી આપવા સાથે કુલ ૨૩ સનદી અધિકારીઓની બદલીના હૂકમો જારી કરવામાં આવ્યા છે.

| નામ | હાલની જગ્યા | બદલી/બઢતીની જગ્યા |
|---|---|---|
| ધનંજય દ્વિવેદી | અધિક સચિવ, સા. વહીવટ વિભાગ | બઢતીથી સચિવ, સા. વહીવટ વિ. |
| મોહમદ શહીદ | કેન્દ્રમાં પ્રતિનિયુક્ત પર | કેન્દ્રમાં પ્રતિનિયુક્તિ પર |
| ડૉ. એસ. મુરલીક્રિશ્નન | અધિક મુખ્ય કારોબારી અધિકારી ગુ. શહેરી વિકાસ મીશન, ગાંધીનગર | બઢતી સાથે મીશન ડાયરેક્ટર રાજ્ય ગ્રામ્ય આરોગ્ય મીશન |
| સંજીવકુમાર | વિદેશ અભ્યાસ અર્થે | |
| આર.એમ. જાદવ | એમ.ડી., ગુ.રા.આદિજાતિ વિ. નિ. | એમ.ડી., ગુ.રા.આદિજાતિ વિ. નિ. |
| એમ.એ. નરખાવાલા | કલેક્ટર, બોટાદ | બઢતીથી કમિશનર સહકારી મંડળીઓ, ગાંધીનગર |
| પી.પી. હર્ષે | કલેક્ટર, મહીસાગર | સચિવ, અપીલ મહેસૂલ વિભાગ |
| શ્રીમતી સંગીતાસીંગ | અગ્ર સચિવ, શિક્ષણ વિભાગ | અગ્રસચિવ, ઉચ્ચ ટેકનીકલ શિક્ષણ |
| સી.વી. સોમ | કમિશનર, શાળાઓ ગાંધીનગર | કમિશનર, પબ્લીક એન્ટર પ્રાઈઝ, ગાંધીનગર |
| ડૉ. પી.ડી. વાઘેલા | કેન્દ્રમાંથી પરત | કમિશનર, કોમર્શીયલ ટેક્ષ, અમદાવાદ |
| પંકજ જોષી | કેન્દ્રમાંથી પરત | વિકાસ કમિશનર, ગાંધીનગર |
| ડી.કે. રાવલ | કમિશનર સહકાર રજીસ્ટ્રાર, સ.મં.ગાંધીનગર | સચિવ, જર્ક ગાંધીનગર |
| ડી.એન. પાંડે | સચિવ, ગુ.રા. ત્રીજા નાણાંપંચ | સચિવ, મહેસૂલ વિભાગ |
| એમ.એસ.ડાગુર | અગ્રસચિવ, ન.જ.પા.પુ. વિભાગ | અગ્રસચિવ, સા.ન્યા.અ. વિભાગ |
| એ.એમ. તીવારી | અગ્ર સચિવ, શિક્ષણ વિભાગ | અગ્રસચિવ, પ્રાથમિક શિક્ષણ |
| સંજયપ્રસાદ | અગ્રસચિવ, સા.ન્યા.અ.વિભાગ | અગ્રસચિવ, શ્રમ રોજગાર વિભાગ |
| એ.એમ. માંકડ | નિયામક રાજ્ય ગ્રામ્ય આરોગ્ય મિશન | અધિક સચિવ અપીલ મહેસુલ વિ. અમદાવાદ |
| અતનુ ચક્રવર્તી | એમ.ડી., જી.એસ.એફ.સી., વડોદરા | વધારાનો હવાલો, ગુ.આલ્કલીઝ |
| ડૉ. વી.થીરૂપુગઝ | કમિશનર, ગ્રામવિકાસ | વધારાનો હવાલો સી.ઈ.ઓ. જીએસડીએમસી |
| મુકેશકુમાર | સ્ટેટ પ્રોજેક્ટ નિયામક | વધારાનો હવાલો |
| | સર્વ શિક્ષા અભિયાન | કમિશનર શાળાઓ |
| ડૉ. જયંતી એસ.રવી | કમિશનર, ટેકનીકલ શિક્ષણ | વ.નો હવાલો, કમિશનર, ઉચ્ચ શિક્ષણ |
| એ.કે. રાકેશ | વિકાસ કમિશનર, ગાંધીનગર | ઉપાધ્યક્ષ, મેરીટાઈન બોર્ડ |
| પંકજકુમાર | ડી.જી., સ્પીપા | વ. ચાર્જ, એમ.ડી., જી.એમ.ડી.સી. |



પ્રાંતિજ સ્થિત મોદી ચેરીટેબલ દ્વારા આયોજીત શ્રી મોઢેશ્વર માતાની રથયાત્રા વાજતે-ગાજતે કાઢવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા. (સંજય રાવલ, પ્રાંતિજ)

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ લઘુમતી સેલના ચેરમેન પદે પાટણના ગુલાબખાન રાઉમાની વરણી

પાટણ, તા. ૨૦

અનેકવિધ સેવાકિય પ્રવૃત્તિઓની સાથે કોંગ્રેસ પક્ષમાં વફાદાર સૈનિક તરીકે ફરજ બજાવી કોંગ્રેસના વિવિધ હોદ્દાઓ



ઉપર આરૂઢ થનાર પાટણ પાલિકાના પૂર્વ કોર્પોરેટર અને હાલ શીપીંગ મંત્રાલય ભારત સરકાર દ્વારા કંડલા પોર્ટ ટ્રસ્ટની સલાહકાર સમિતિના સભ્ય એવા ગુલાબખાન કે. રાઉમાની કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીની સુચનાથી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ લઘુમતી ડિપાર્ટમેન્ટના ચેરમેન પદે નિમણૂંક કરવામાં આવી છે. તેઓની આ નિમણુંકથી પાટણ જિલ્લા સહિત ગુજરાત કોંગ્રેસના આગેવાનો-કાર્યકરોમાં ભારે આનંદની લાગણી ફેલાઈ છે.

પાટણ ખાતે જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં માહિતી આપતાં જિલ્લા પ્રમુખ બાબુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધીએ દેશના છ રાજ્યોમાં માઈનોરીટી ડિપાર્ટમેન્ટના ચેરમેનોના નામ ઉપર ગઈકાલે મંજુરીની મહોર મારી હતી. જેમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ લઘુમતી ડિપાર્ટમેન્ટના ચેરમેન તરીકે ગુલાબખાન કે. રાઉમાની નિમણુંક કરવામાં આવી છે. તેમના નામની જાહેરાત ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીના જનરલ સેક્રેટરી જર્નાદન ત્રિવેદી દ્વારા આજે કરવામાં આવી છે. જે પાટણ જિલ્લા કોંગ્રેસ માટે ગૌરવની વાત છે.

આ પ્રસંગે જિલ્લા પ્રમુખ બાબુભાઈ દેસાઈ તથા શહેર કોંગ્રેસ પ્રમુખ લાલેશ ઠક્કરે ગુલાબખાન રાઉમાને સુતરની આટી પહેરાવી અભિનંદન પાઠવ્યા હતા. અને પેંડાની વહેંચણી કરી એકબીજાના મોં મીઠા કરી ખુશાલી વ્યક્ત કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસના સંનિષ્ઠ કાર્યકર એવા ગુલાબખાન રાઉમા ઓલ ઈન્ડિયા સાર્વજનિક વિકાસ ટ્રસ્ટની સ્થાપના કરી તમામ સમાજના લોકોના વિકાસ માટે કામગીરી કરી રહ્યા છે. તેમજ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર અહેમદ પટેલ સાથે સારો ઘરોબો કેળવી ગુજરાતના વિવિધ પ્રશ્નો ઉકેલવા માટે પ્રયત્નશીલ રહ્યા છે.



# પાટણમાં વિકલાંગ લાભાર્થીઓને વિના મુલ્યે સાધન સહાયનું વિતરણ કરાયું

પાટણ, તા.૨૦

સરદાર પટેલ રમત ગમત સંકુલ પાટણ ખાતે ઓ.એન.જી.સી. એલીમ્કો, જબલપુર અને જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી પાટણ જિલ્લાના વિકલાંગ લાભાર્થીઓને વિના મુલ્યે સાધન સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.

૨૨૦ ટ્રાયસીકલ, ૭૦ વ્હીલચેર, ૪૨૮ કાનના સાંભળવાના મશીન, ૧૪૬ ઘોડી, ૩૯ અંધ લાકડી, ૨૦ સ્લેટ અને રોલેટર અને ૧૫૪ કૃત્રિમ પગ એમ કુલ ૧૨૨૦ સાધનોની કુલ રૂ. ૬૮ લાખના ખર્ચે પાટણ જિલ્લાના ૭૭૨ વિકલાંગ લાભાર્થીઓને એલીમ્કો, જબલપુરના પ્રતિનિધિ બંસીલાલ સાકેતના વરદ હસ્તે સાધનો એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવામાં જિલ્લા સમાજ સુરક્ષા કચેરી અને વિકલાંગ ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

કાર્યક્રમમાં નાયબ કલેકટર નાયક, જિલ્લા સુરક્ષા અધિકારી એચ.એન. ધાસુરા, સીનીયર કોચ રાણીકા, ખેગારભાઈ યોગી, વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ અને વિકલાંગ ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતાં.





બોરસદ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ડી.સી. પટેલે મુસ્લીમ સમાજની લાગણી દુભાય તેવા વાક્યો તેમના ફેસબુક ઉપર મુકી અભદ્ર અને અપમાનજનક વાક્યો દ્વારા મુસ્લીમ સમાજની લાગણી ભડકાવવાનો હીન પ્રયાસ કર્યો છે. તેને સાબરકાંઠા જિલ્લાના મુસ્લીમ સમાજ અને જિલ્લા ભાજપ લઘુમતી મોરચાએ વખોડી કાઢી ભાજપ લઘુમતી મોરચાના પ્રમુખ મો. રફીક રણાસીયા, પુર્વ પ્રમુખ મકબુલ પોથીગરા, સલીમ વક્તાપુરીયા, કોર્પોરેટર અકીલાબેન ડોઈની આગેવાની હેઠળ મુસ્લીમ સમાજના અગ્રણીઓએ જિલ્લા પોલીસવડા ચિરાગ કોરડીયાને આવેદન પત્ર આપ્યું હતું. (તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

# ડીસાની આદર્શ હાઈસ્કૂલમાં અજબ બાળકોની ગજબ સૃષ્ટી કાર્યક્રમ યોજાયો

ડીસા, તા. ૨૦

વિકલાંગ બાળકોમાં છુપાયેલી કલાને તેમજ તેમનામાં રહેલી શુક્ષુપ્ત શક્તિઓને યોગ્ય મંચ પર સમાજ આગળ પ્રદર્શિત કરવાના હેતુસર સર્વશિક્ષા અભિયાન બનાસકાંઠા આઈ.ઈ.ડી. યુનીટ અંતર્ગત ડીસાની ડી.એન. જે. આદર્શ હાઈસ્કૂલ ખાતે ગત ૧૮ ફેબ્રુઆરીના રોજ સાંજે જિલ્લા કલેક્ટર એમ.એચ. પટેલ તેમજ સર્વશિક્ષા અભિયાન ગુજરાત રાજ્યના એડીશનલ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર એ.એમ. શર્મા તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ડૉ. જે.જી. પાઠક તથા ડીસા પાલીકા પ્રમુખ ડૉ. તેજલબેન પટેલ જાણીતા પીડીયાટ્રીક્સ તબીબ ડૉ. સુનીલ આચાર્ય તથા ડીસા બીઆરસી પ્રવિણભાઈ સાધુ વગેરેની અધ્યક્ષતામાં વિકલાંગ બાળકોનો અજબ બાળકોની ગજબ સૃષ્ટી કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સ્ટેઝ પર્ફોમન્સ રજુ કરી વિકલાંગ બાળકોએ તેમનામાં રહેલી શુક્ષુપ્ત શક્તિઓને દર્શકો સમક્ષ રજુ કરી તેમના મન મોહી લીધા હતા અને સ્પર્ધક બાળકોએ તેમના વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમને તેઓ વિકલાંગ નથી પણ સંપૂર્ણ રીતે લોકો સાથે તાલથી તાલ મીલાવી કોઈપણ કામ કરવા સક્ષમ છે. તે બતાવી આપ્યું હતું. આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામની કામગીરી બિરદાવી હતી. અને તેમને પ્રોત્સાહિત ઈનામો અપાયા હતા.